# 5. નિશાન ભૂમિ ભારતનું

**ત્રિભોવન વ્યાસ**

**જન્મ : ઈ.સ. 1888 મૃત્યુ : ઈ.સ. 1975**

કવિ ત્રિભોવન વ્યાસ શિક્ષક હતા પણ આઝાદીની લડત વખતે શિક્ષક તરીકેની નોકરી છોડી દીધી હતી. તેઓને બાળકો સાથે રહેવું ગમતું હતું. તેમણે બાળકો માટે સાહજિક, સરળ ભાષામાં અને ગાઈ શકાય તેવા ઘણાં કાવ્યો લખ્યા છે. ‘ગૂંજરવ’, ‘નવા ગીતો’, ‘બે દેશ ગીતો’ જેવી રચનાઓનું સર્જન કરેલ છે.

દેશ આઝાદ થયા પછી રાષ્ટ્રભાવનાને ગાતું આ દેશભક્તિ ગીત છે. આ ગીતમાં ત્રિરંગા રાષ્ટ્રધ્વજનો મહિમા રજૂ કરવામાં આવ્યો છે. તેમાના પ્રત્યેક ચિહ્નોનું ગૌરવ અને મહત્ત્વ વ્યક્ત કરવામાં આવ્યાં છે. વિદ્યાર્થીઓને દેશની સ્વતંત્રતાનું મહત્ત્વ અને જાણકારી આપવાનો ઉદ્દેશ રહેલો છે.

સાહિત્યમાં ગીતથી જ કવિતાનો અને સાહિત્યમાત્રનો આરંભ થયો છે એમ મનાય છે. શબ્દોની સરળતા અને લયમધુરતા એ ગીતનું અગત્યનું લક્ષણ છે. ગીતના અનેક પ્રકાર પૈકી આ દેશ ભક્તિ વ્યક્ત કરતું ગીત છે. ગીતનું આવું વૈવિધ્ય ગીત માણવા સાથે જાણવાની ભૂમિકા પણ સુપેરે ભજવતું હોય છે.

---

નહિ નમશે નહિ નમશે, નિશાન ભૂમિ ભારતનું.
ભારતની એ ધર્મ ધ્વજાનું સાચવશું સન્માન... ભૂમિ...
ઐક્ય તણો એ અમર પટો છે, મુક્તિનું વરદાન... ભૂમિ...
ભારતમાના મંદિર પર એ શાંતિનું એંધાણ... ભૂમિ...
ચક્ર સુદર્શન અંકિત એ તો હિંદી જનના પ્રાણ... ભૂમિ...
સફેદ લીલું લાલ ત્રિરંગી, વિરોધનું સંધાન... ભૂમિ...
સફેદમાં સહુ ધર્મે ધાર્યું, ઈશ્વરનું ફરમાન... ભૂમિ...
લીલામાં ઈસ્લામી ધર્મે રાખ્યું પાક કુરાન... ભૂમિ...
લાલ સનાતન આર્ય પ્રજાનું મંગળ મૂર્તિ માન... ભૂમિ...
અચળ અમારે આંગણ એ તો હિંદી જનના પ્રાણ... ભૂમિ...
સાચા હિન્દી શૂરાઓનું એ છે વિજય સુકાન... ભૂમિ...
નહિ નમશે, નહિ નમશે નિશાન... ભૂમિ...

## ટિપ્પણ

**ભૂમિ** - ધરતી, જમીન, પૃથ્વી **સન્માન** - માન, આદર, સત્કાર **ધર્મ ધ્વજા** - સત્ય **ઐક્ય** - એકતા **અમર પટો** - અમર, કદી મૃત્યુ ન પામે તેવું **મુક્તિ** - છૂટકારો, મોક્ષ **વરદાન** - દેવ દેવી કે સંતે પ્રસન્ન થઈ આશા પૂરી પાડવા આપેલું વચન, આશીર્વાદ **એંધાણ** - નિશાની **અંકિત** - નિશાની વાળું, છાપવાળું **જન** - માણસ, માનવી **સંધાન** - જોડાણ **ફરમાન** - હુકમ **સનાતન** - પરાપૂર્વથી ચાલ્યું આવતું **મંગળ** - શુભ **અચળ** - સ્થિર, દ્દઢ, ચલિત નહીં તેવું **શૂરા** - બહાદુર, પરાક્રમી, શૂરવીર **વિજય સુકાન** - વિજયનું નેતૃત્વ

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ લખો.**

1. કવિ સુદર્શનચક્રને કઈ બાબતનું પ્રતીક ગણાવે છે ?
2. રાષ્ટ્રધ્વજને જોતા કવિના મનમાં કઈ કઈ લાગણીઓ જન્મે છે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

1. કવિને રાષ્ટ્ર ધ્વજમાં કઈ કઈ વિશેષતાઓ જોવા મળે છે ?
2. ધ્વજના સફેદ, લાલ અને લીલા રંગમાં કવિને શું દેખાય છે ?

**પ્રશ્ન 3. નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો લખો.**

| | |
|---|---|
| ભૂમિ | મંગળ |
| ધર્મ | વિજય |
| શાંતિ | મુક્તિ |
| વરદાન | શૂરવીર |

**પ્રશ્ન 4. નીચેના શબ્દોનો ઉપયોગ કરી એક એક વાક્ય લખો.**

| | |
|---|---|
| સુકાન | સન્માન |
| ફરમાન | કુરાન |
| નિશાન | |

**પ્રશ્ન 5. નીચેના શબ્દોની સાચી જોડણી લખો.**

| | |
|---|---|
| મુર્તી | મૂક્તી |
| નીસાન | સાન્તી |

## પ્રવૃત્તિ

1. ઈન્ટરનેટની મદદથી આપણા રાષ્ટ્રધ્વજ વિશે જાણવા જેવું શોધીને બુલેટિન બૉર્ડ પર રજૂ કરો.
2. રાષ્ટ્રધ્વજ આચારસંહિતા અને રાષ્ટ્રધ્વજના ઈતિહાસ વિશે શિક્ષક પાસેથી માહિતી મેળવો.
3. ભારતનું 'ઝંડાગીત' કંઠસ્થ કરો.